# કૃપાનો પ્રત્યક્ષ અનુભવ

## ~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

*હાલમાં, મેં ''મંદિરમાં રહો'' જીવંત વિડીઓ પ્રસારણ સત્સંગના મૅનેજિંગ ડિરેક્ટર, રોહિણી મેનનને મારો એક અદ્‌ભુત અનુભવ કહ્યો જે મને ગુડી પડવાના દિવસે મંદિરમાં થયો હતો. ગુડી પડવાનો દિવસ ભારતીય પંચાંગ પ્રમાણે વર્ષના સાડા ત્રણ સર્વાધિક શુભ દિવસોમાંનો એક છે. જ્યારે મેં રોહિણીને મારો અનુભવ કહ્યો તો, તેણે મને પૂછ્યું કે શું હું આ અનુભવને સિદ્ધયોગ સંઘમ્‌ને જણાવવા માટે સહમતી આપીશ? મેં મારી સહમતી આપી — તો આ છે એ અનુભવ.*

શ્રી મુક્તાનંદ આશ્રમમાં બડે બાબાના મંદિરમાં તેમને પ્રણામ કર્યા પછી, મેં મારું આસન ગ્રહણ કર્યું. થોડી મિનિટો પછી, મારી નજર એકાએક મારી જમણી બાજુ ગઈ, તો મારી આંખોની સામે મેં આ દશ્ય જોયું — શિવ નટરાજની મૂર્તિ સામે આવેલા અગ્નિકુંડમાંથી રિબનના આકારનો નિર્મળ ધુમાડો નીકળી રહ્યો હતો. એ ધુમાડો અત્યંત નાજુક હતો. તે થોડો નીલ-દૂધિયા, થોડો દૂધિયા-નીલ રંગ જેવો હતો. હું મંત્રમુગ્ધ હતી.

થોડી ક્ષણો સુધી મેં આ દશ્યની સુંદરતાનો આનંદ લીધો. પછી મેં વિચાર્યું, ''હું ઇચ્છું છું કે જીવંત વિડીઓ પ્રસારણના આરંભ પહેલાં જ દેખાઈ રહેલી આ નૈસર્ગિક સુંદરતાનો આનંદ દરેક વ્યક્તિ માણે.''

મેં મંદિરમાં ઉપસ્થિત સત્સંગ સહભાગીઓને ભગવાન નટરાજની સમક્ષ ઊઠી રહેલા ધુમાડાની આ અતિ સુંદર અને પારદર્શી શિખાઓ જોવા માટે કહ્યું. જ્યારે બધાં ફરીને આ નૃત્ય કરતા ધુમાડાની સુંદરતા જોઈ રહ્યાં હતાં તો મંદિરમાં ''અહા!''નો એક મધુર સ્વર ગુંજ્યો. મેં એ પણ જોયું કે મારી

દૃષ્ટિની સીધમાં બેઠેલા એક વ્યક્તિએ એ ધુમાડા જેવા જ નીલ-દૂધિયા રંગનાં કપડાં પહેર્યાં હતાં. અમે જ્યારે ભગવાન નિત્યાનંદના મંદિરમાં બેસીને ગુડી પડવાના પાવન દિવસનો ઉત્સવ મનાવવા માટે સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં બધાં સાથે જોડાવાની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં, ત્યારે આ ઊઠી રહેલા ધુમાડાના રૂપમાં ભગવાન નટરાજના નૃત્યને જોઈને હું દ્રવિત થઈ ગઈ હતી.

થોડા સમય પછી સત્સંગમાં, મેં બધાંને બડે બાબાના સ્વર્ણિમ સ્વરૂપ પર ધ્યાન કરવા માટે આમંત્રિત કર્યાં. ધ્યાન દરમ્યાન, મારી આંખો બડે બાબાના સ્મિત કરી રહેલા મુખ પર સ્થિર થઈ ગઈ હતી. થોડી જ ક્ષણોમાં, મેં જોયું કે મંદિરમાં માત્ર બડે બાબાનું સ્વરૂપ જ દેખાઈ રહ્યું હતું — કારણકે આખા મંદિરમાં કોમળ, મૃદુલ, નાજુક, સ્પંદિત થઈ રહેલો નીલ-દૂધિયા રંગનો એ જ ધુમાડો ફેલાયેલો હતો જે ભગવાન શિવ નટરાજની મૂર્તિની સામે આવેલા અગ્નિકુંડમાંથી નીકળી રહ્યો હતો. આ નીલ પ્રકાશના કણ હવામાં ઝળહળી રહ્યા હતા અને નૃત્ય કરી રહ્યા હતા. તેણે બડે બાબાની સત્તાની ચારેબાજુ એવા આકારની રચના કરી હતી જાણે ઊંધું, લટકતું પાણીનું ટીપું. હું એ જાણીને આશ્ચર્યચકિત થઈ ગઈ કે ભગવાન નટરાજની સામે નૃત્ય કરતો ધુમાડો સ્વયં મંદિરમાં આવી ગયો હતો. એ નીલ આભા ધ્યાનના પૂરા સમય દરમ્યાન અમારી સાથે જ રહી.

આ અનુભવ શુદ્ધીકારક પણ હતો અને રોમાંચકારી પણ. આવી ઊર્જાથી તરબોળ થવું એ ભગવદ્પ્રેમમાં અભિષેક કરવા જેવું હતું.

© ૨૦૨૦ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.